

શહેરના લાલબાગથી વિશ્વામિત્રી તરફ જવાના રસ્તે બીજા ફાટક પાસે ૯ ફુટ લાંબો મગર રોડ પર આવી જતાં લોકોના ટોળા ઉમટયા હતા. પ્રસ્તુત તસ્વીરમાં નજરે પડે છે. (તસ્વીર : વડોદરા બ્યુરો)

# આણંદ જિલ્લાના પાંચ પાલિકામાં ચૂંટણીના પરિણામો જાહેર થયા

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૪

આણંદ જિલ્લાની પાંચ નગરપાલિકાઓમાં પ્રમુખ પદની બીજી ટર્મની મુદત માટેની ચૂંટણી શનિવારે યોજાઈ ગઈ હતી.

આણંદ તાલુકાનાં ઓડ નગરપાલિકામાં યોજાયેલી પ્રમુખપદની ચૂંટણીમાં ભાજપનાં ઉમેદવાર તરીકે અવંતીકાબેન ઉપેન્દ્રભાઈ પટેલ અને અપક્ષ જુથનાં જનકબેન પ્રદિપસિંહ રઉલજીએ પ્રમુખપદ માટે ઉમેદવારી નોંધાવી હતી ચૂંટણીમાં બંને ઉમેદવારોને ૯-૯ મત પડતા ટાઈ પડી હતી જેથી ચીઠ્ઠી ઉછાળવામાં આવતા જેમાં ભાજપનાં અવંતીકાબેન પટેલનું નામ ખુલતા તેઓને પ્રમુખપદે ચૂંટાયેલા જાહેર કરાયા હતાં આ ચૂંટણી બેઠકમાં કોંગ્રેસ પ્રેરિત ત્રણ અપક્ષો શંકરભાઈ બાબરભાઈ ઠાકોર, રમીલાબેન રમેશભાઈ વાઘેલા અને અંબાબેન મોહનભાઈ ઠાકોર ગેરહાજર રહયા હતા જેથી કોંગ્રેસ પ્રેરિત અપક્ષોનાં જૂથે ઓડ નગરપાલિકાની સતા ગુમાવી હતી.

જ્યારે વલ્લભ વિદ્યાનગર નગર પાલિકામાં પ્રમુખપદ માટે મંજુલાબેન મનોજભાઈ માછીનું એક માત્ર ઉમેદવારી પત્ર રજુ થતા તેઓને બિન હરીફ ચૂંટાયેલા જાહેર કરાયા હતા.

કરમસદ નગરપાલિકામાં પ્રમુખ પદનાં ઉમેદવારપદે સુરેશભાઈ બાબરભાઈ સોલંકી બીનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા હતા જ્યારે બોરિયાવી નગરપાલિકામાં પ્રમુખ પદની ચૂંટણીમાં અને સીપીનાં ઉમેદવાર મોંઘીબેન મોહનભાઈ રાઠોડનું એકમાત્ર ઉમેદવારી પત્ર રજુ થતા તેઓને બીનહરીફ વિજેતા જાહેર કરાયા હતા.

આંકલાવ નગર પાલિકામાં પ્રમુખ પદની ચૂંટણીમાં અપક્ષ જૂથનાં બીસુબેન ગની અહેમદ ભાલાવત અને ભાજપનાં સંકુતલાબેન જગદીશભાઈએ પ્રમુખપદ માટે ઉમેદવારી નોંધાવતા મતદાન કરતા અપક્ષ જૂથનાં બીસુબેનને ૧૨ અને સંકુતલાબેનને સાત મત મળતા બીસુબેન ભાલાવતને પ્રમુખ પદે ચૂંટાયેલા જાહેર કરાયા હતા આ ચૂંટણીમાં ભાજપનાં વીરલબેન પટેલ અને અપક્ષ ઈબ્રાહીમ પટેલ સહિત બે સભ્યો ગેરહાજર રહયા હતા.

# કલોલ પાલિકાના ફૂડ ઈન્સપેક્ટર સામે કાર્યવાહી કરવા વેપારીઓની માંગ

કલોલ, તા.૪

મટનના ધંધાર્થીઓ પાસેથી રોકડ રકમની માંગણી કરી ધાક-ધમકી આપ્યા અંગે વેપારીઓ દ્વારા પાલિકાના ફૂડ ઈન્સ્પેકટર વિરૂદ્ધ રજૂઆત કરી તેની સામે કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.

કલોલ શહેરના ટાવરચોકની પાછળ કે.જી.એમ. ગર્લ્સ હાઈસ્કૂલ સામે રોશનશાહ ટ્રસ્ટની માલિકીની દુકાનો આવેલી છે. જેમાં આશરે ૧૧ જેટલા વેપારીઓ મટન મુરઘી વેચવાનો ધંધો કરે છે. જેનો પાલિકાએ પરવાનો આપેલ છે. આ વેપારીઓ સરકારના ધારાધોરણ મુજબ દુકાનો બંધ રાખી કાયદાનું પાલન કરે છે. અને કાયદેસરનો ધંધો કરી રહયા છે. વેપારીઓના જણાવ્યા મુજબ તેમની સામે પાલિકાનો ફૂડ ઈન્સ્પેકટર અવાર નવાર દુકાને આવે છે અને મફતમાં મટન તથા રોકડ રકમની માંગણી કરે છે. જ્યારે તેઓ આપવાની ના પાડે છે. ત્યારે તેઓને દુકાનનું લાયસન્સ રદ કરી તેને સીલ કરવાની ધમકી આપે છે. આવી રીતે અવાર-નવાર હેરાન પરેશાન કરી માનસિક ત્રાસ આપે છે. જેથી ઉકત કર્મી સામે ન્યાયિક કાર્યવાહી કરી તેને સસ્પેન્ડ કરવાની માંગ વેપારીઓએ કરી છે.

## પ્રેમ પ્રકરણમાં અપહરણનું અનુમાન

# દાદા સાથે જતી પૌત્રીનું યુવાને કરેલુ અપહરણ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા તા.૪,

નિઝામપુરા વિસ્તારમાં આજે શનિવારે બપોરે દાદા સાથે જતી કોલેજની વિદ્યાર્થીનીનું ફિયાટકારમાં આવેલ પુનાનો યુવક અપહરણ કરી લઈ ગયો હતો. અપહરણના બનાવ અંગેની ફરીયાદ દાદાએ ફતેગંજ પોલીસ મથકે નોંધાવતા પોલીસે નાકાબંધી કરી તપાસ હાથ ધરી હતી. અપહરણ પ્રેમપ્રકરણમાં થયું હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત થતી વિગત અનુસાર શહેરના નવાબજાર મસ્જીદ પાસે રહેતા અને સીલાઈ મશીન રીપેરીંગની દુકાન ધરાવતા ચંદ્રકાંતભાઈ રમણભાઈ ચૌધરીની ૨૦ વર્ષની પુત્રી અંકીતા નિઝામપુરા વિસ્તારમાં આવેલ ગર્લ્સ કોલેજમાં બી.કોમ.માં અભ્યાસ કરે છે. આજે બપોરે અંકીતા દાદા રમણભાઈ ચૌધરી સાથે કોલેજમાં બી.કોમની ડિગ્રીનું સર્ટી લેવા આવી હતી.

દાદા-પૌત્રી ચાલતા જતા હતા તે દરમીયાન તેમની પાસે એક ફીયાટ કાર કાળા કલરની આવી હતી. જેમાં બેઠેલા વિનોદ આર. ચૌધરી નામના શખ્સે રમણભાઈને ધક્કો મારી પૌત્રી અંકીતાને બળજબરી કારમાં બેસાડી અપહરણ કરી લઈ ગયા હતા. પૌત્રીનું અપહરણ થતા દાદાએ પરિવારજનોને જાણ કરી હતી. આથી પરીવારજનો તરત દોડી આવ્યા હતા.

રમણભાઈએ ફતેગંજ પોલીસ મથમકાં પુના ખાતે રહેતા વિનોદ આર. ચૌધરી સામે ફરીયાદ નોંધાવી હતી. પોલીસે કારનો નં. એમ-એચ-૧૨૭૬૭૬ નોંધી શહેરના તમામ પોલીસ મથકોએ જાણ કરી હતી. પોલીસે કાર સાથે અપહરણકર્તાને ઝડપી પાડવા માર્ગોની નાકાબંધી કરી તપાસ હાથ ધરી હતી.

# વડોદરા : ઝેરી દવા ગટગટાવવાના બે બનાવમાં બે જણાના મોત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા તા.૪,

અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લેવાના બે બનાવમાં અજાણ્યા શખ્સ અને પાદરાના લકડીકુઇ ગામના યુવકનું મોત થયું હતું.શહેરની મધ્યમમાં આવેલ સુરસાગર તળાવ પાસે શુક્રવારની રાતે ૫૦ વર્ષની આશરાનો અજાણ્યો શખ્સ બેભાન હાલતમાં પડયો હોવાની જાણ ૧૦૮ એમ્બ્યુલન્સને થતા શખ્સને સારવાર માટે સયાજી હોસ્પીટલમાં લાવવામાં આવ્યો હતો. શખ્સે ઝેરી દવા પીધી હોવાનું માલુમ પડયું હતું. સારવાર દરમીયાન આજે સવારે અજાણ્યા શખ્સનું મોત થયું હતું. આથી રાવપુરા પોલીસે ગુનો નોંધી અજાણ્યા શખ્સની ઓળખ મેળવવા તતા તેણે કયા કારણોસર ઝેરી દવા પીધી હતી તેની તપાસ હાથ ધરી હતી.

અન્ય બનાવમાં પાદરાના લકડીકુઇ ગામે રહેતો ૧૮ વર્ષીય નરેશભાઇલાલભાઇ પઢીયારે ગત બુધવારના રોજ ઘરે રાત્રીના સમયે ઝેરી દવા પી લીધી હતી. જેને પગલે તેની તબીયત લથડી હતી અને તેને સારવાર માટે સયાજી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તેનું આજે મોત નિપજ્યું હતું. પાદરા પોલીસે ગુનો નોંધ્યો હતો.

## લૂંટ અને ફાયરીંગ કરવાના કેસમાં

# ઘેટિયા ગેંગના બે શખ્સોનો નિર્દોષ છૂટકારો

## પુરાવાના અભાવે શંકાનો લાભ આપી કોર્ટે નિર્દોષ છોડ્યા

અમદાવાદ, તા.૪

અમદાવાદ જિલ્લાના અસલાલી વિસ્તારમાં યુવાનને લૂટી લઇ ફાયરીંગ કરવાતા ચકચાર ભર્યા કેસમાં ઘેટિયા ગેંગના બે શખ્સોને એડીશનલ સેસન્સ જજ એન.સી. રાવલે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

નિર્દોષ છૂટકારામાં સંદિપ ઉર્ફે ગોપી ગીરીશભાઇ ઉર્ફે જગ્ગા પરમાર અને સંતોષ ઉર્ફે બલ્લુ બાબુભાઇનો સમાવેશ થાય છે. આ બનાવ બાદ સુબ્રમણ્યમ ઉર્ફે ઘેટિયાનું પોલીસ એન્કાઉન્ટરમાં મોત નીપજ્યું હતું.

કેસની વિગત એવી છે કે લાંભા જતતાનગર ખાતે થઇ તા. ૩જી ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ ફરીયાદી મનોજભાઇ કોષ્ટી તેમની સાસુના મકાનનું ભાડુ લેવા ગયા હતાં. દરમિયાન સુબ્રમણ્યમ ઉર્ફે ઘેટિયાએ મનોજ કોષ્ટી અને તેમના મિત્ર રઘુવીરને અટકાવી સોનાની ચેન અને રોકડ રૂપિયા ૧૨ હજારની લૂંટ ચલાવી હતી. આરોપીઓ અને ફરિયાદી વચ્ચે ઝપાઝપી થતાં ઘેટિયાએ ફાયરીંગ કરતાં રઘુવીરને ઘૂંટણમાં ગોળી વાગી હતી. આ અંગે પોલીસ ગૂનો નોંધી ઘેટિયાના બે સાગરિનોની ધરપકડ કરી કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી હતી. કોર્ટમાં કેસ ચાલી જતાં આરોપી તરફે વકીલ જયપાલ સુખવાણીએ એવી રજુઆત કરી હતી કે ફરીયાદીએ પોતાની ફરીયાદમાં આરોપીનું નામ સ્પષ્ટ લખાયેલ નથી. પોલીસે શંકાના આધારે ધરપકડ કરી છે. કોર્ટે પોતાના ચુકાદામાં એવું અવલોકન કર્યું હતું કે ફરીયાદી અને ઈજા પામનારની જુબાની ભરોષાપાત્ર નથી. ડીસ્કવરી થઇ નથી. ફરિયાદ પક્ષ કેસ પુરાવાર કરવામાં નિષ્ફળ રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ બનાવ બાદ સુબ્રમણ્યમ ઉર્ફે ઘેટિયા પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર માર્યો ગયો હતો.

## વડોદરામાં આજવારોડ પર

# મકાનમાં ચાલતા જુગારધામ પર દરોડા : સાત જુગારી ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા તા.૪,

શહેરના આજવા રોડ ઉપર આવેલી ભાગ્યલક્ષ્મીની ટાઉનશીપના એક મકાનમાં ચાલતા જુગારના અડ્ડા ઉપર પોલીસે દરોડો પાડી રૂા.૯૫ હજારના મુદ્દામાલ સાથે સાત જુગારીયાઓની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

મળેલી માહિતી પ્રમાણે ભાગ્યલક્ષ્મી ટાઉનશીપમાં રહેતા દીપક વસુભાઇ પ્રજાપતિ પોતાના જુગારનો અડ્ડો ચલાવતો હતો. કિશનવાડી પોલીસને આ અંગેની જાણ થતાં સ્ટાફ સાથે દરોડો પાડતા જુગારીયાઓએ પોલીસ ધરપકડથી બચવા માટે નાસભાગ કરી મૂકી હતી. જોકે, પોલીસે મકાનને કોર્ડન કરી લીધું હોઇ સુત્રધાર દીપક પ્રજાપતિ સહિત સાત જુગારીયો પોલીસે સંકજામાં આવી ગયા હતા.

પોલીસે જુગારના અડ્ડા ઉપરથી રૂા.૯૫ હજારનો મુદ્દામાલ કર્યો હતો. મુદ્દામાલમાં રોકડ રકમ, વ્હીકલો તથા મોબાઇલ ફોન વિગરેનો સમાવેશ થતો હતો. ભાગ્યલક્ષ્મી ટાઉનશીપમાં પોલીસે દરોડા પાડતા ટાઉનશીપના લોકો સ્થળ ઉપર ઉમટી પડયા હતા. ઝડપાયેલા જુગારના અડ્ડાએ ભારે ચકચાર મચાવી મૂકી હતી.

કિશનવાડી પોલીસે સુત્રધાર દીપક પ્રજાપતિ સહીત સાત સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# તેજાની જેલ બદલવાની અરજીની સુનાવણી તા.૧૪મી સપ્ટે.પર મુલતવી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા તા.૪,

સાબરમતી જેલના જેલરો ઉપર ખોટા આક્ષેપો મૂકી જેલ બદલવા માટેની માંગણી કરતી કોર્ટમાં અરજી કરનાર શકીલ ઉર્ફે તેજા શેખની અરજીની સુનાવણી પોલીસ જાપ્તાના અભાવે આગામી તા.૧૪મી સપ્ટેમ્બર ઉપર મુલત્વી રાખવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, શહેરના યાકુતપુરાના રહેવાસી શકીલ ઉર્ફે તેજા શેખની ચાંપાનેર દરવાજા પાસેની દરગાહ સેવા સદન દ્વારા દૂર કરવા બાબતે ફાટી નીકળેલા તોફાનોનાં બનાવમાં ધરપકડ કરવામાં આવી હતી. અને તેને સાબરમતી જેલમાં મોકલી આપવામાં આવ્યો હતો.

તાજેતરમાં શકીલ ઉર્ફે તેજાએ સાબરમતી જેલના જેલરો ઉપર સોરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં તાજના સાક્ષી બનવા માંગતા ડૉ. અમીનની હત્યા કરવા સોપારી આપવાનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ મૂકયો હતો. અને હત્યા કરવાનો ઈનકાર કરતા મારમારી મારી નાંખવાની ધમકી આપ્યાનો આક્ષેપ મૂકતી અરજી વડોદરાના કોર્ટમાં કરતા ખળભળાટ મચી ગયો હતો.

જોકે, તેજાના આક્ષેપની અરજીની તપાસ કરતા તેજાએ જેલ બદલવા માટે નાટક કર્યું હોવાનો પર્દાફાશ થયો હતો. બીજીબાજુ તેજાની જેલ બદલવા માટેની અરજીની આજે અહીંની કોર્ટમાં સુનાવણી થવાની હતી. પરંતુ, પોલીસ જાપ્તાના અભાવને કારણે તેજાને કોર્ટમાં હજાર કરી ન શકાતા કોર્ટે આ અરજીની સુનાવણી આગામી તા.૧૪મી સપ્ટેમ્બરના રોજ થશે.

# વડોદરામાં શોર્ટ સર્કિટથી બેંકના એસી, કોમ્પ્યુટર સળગ્યા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા તા.૪,

ફતેગંજ શાખાની પંજાબ નેશનલ બેંકમાં આજે શનિવારે શોર્ટસકિટથી એ.સી. અને કોમ્પ્યુટર સળગી ઉઠયા હતા. બેંકમાં આગના છમકલાથી દોડધામ મચી જવા પામી હતી.

પ્રાપ્ત થતી વિગત અનુસાર ફતેગંજ મેઈન રોડ પર આવેલ પંજાબ નેશનલ બેંકમાં આજે સવારે બેંકની કાર્યવાહી શરૂ થાય તે પહેલા સાડા નવ વાગ્યાના સુમારે શોર્ટસકિટથી બેંકના એ.સી. અને કોમ્પ્યુટરમાંથી ધુમાડા નીકળવાના શરૂ થયા હતા. આથી બુમાબુમ થતા લોકટોળા ભેગા થઈ ગયા હતા.

બનાવની જાણ થતા ફાયરબ્રિગેડના લાશ્કરો તરત ઘટના સ્થળે દોડી ગયા હતા અને આગ ઓલવી નાખી હતી. આગના છમકલાને પગલે બેંકની કામગીરી પર સામાન્ય અસર થઈ હતી.

## પ્રથમ કાઉન્સેલીંગ બાદ મેડિકલ સહિતની કુલ ૯૮૪ બેઠકોની

# રીશફલીંગ પ્રક્રિયામાં ડેન્ટલની ૧૩૧ સહિત પેરામેડિકલની ૫૦૪ બેઠકો ખાલી રહી ગઈ

## આ ખાલી બેઠકો જે-તે કોલેજોને સોંપી દેવાશે : મેડિકલ, આયુર્વેદ અને હોમિયોપેથીની તમામ બેઠકો ભરાઈ

સંવાદદાતા દ્વારા

અમદાવા.તા.૪

મેડિકલ-ડેન્ટલ અને પેરામેડિકલમાં નવી આવેલી કોલેજો અને અગાઉના કાઉન્સેલિંગ ખાલી રહેલી સહિતની કુલ ૯૮૪ બેઠકો માટે ગત ૨૭મીથી ચાલી રહેલી રીશફલીંગ પ્રક્રિયા અને આયુર્વેદની પ્રથમ તબક્કાની પ્રવેશ કાર્યવાહીનો આજે અંતિમ દિવસ હોઈ વિવિધ બ્રાન્ચની ૫૦૪ બેઠકો ખાલી રહેવા પામી છે,જેમાં ફિઝિયો,નર્સિંગ ,ડેન્ટલ ઓપ્ટોમેટ્રી, ઓર્થોટિક્સ એન ઓક્યુપેશનલ થેરાપીનો સમાવેશ થાય છે. આ ખાલી બેઠકો હવે જે તે કોલેજોને ભરવા સોંપી દેવાશે.જ્યારે મેડિકલ, આયુર્વેદ અને હોમિયોપેથીની તમામ બેઠકો ભરાઈ જવા પામી છે.

મેડિકલ-ડેન્ટલ અને આયુર્વેદને બાદ કરતા પેરામેડિકલની વિવિધ બ્રાન્ચની મેનેજમેન્ટ ક્વોટાની બેઠકોને બાદ કરતા ૫૬૦૦થી વધુ બેઠકો માટે ગત ૨૦મીથી૩૧મી જુલાઈ સુધી પ્રથમ તબક્કાની પ્રવેશ કાર્યવાહી યોજાઈ હતી.જેમાં મેડિકલની ૮,ડેન્ટલની ૩૪ તેમજ પેરામેડિકલની ૮૨ બેઠકો ખાલી રહેવા પામી હતી.જો કે પેરામેડિકલની ૮૨ બેઠકો તમામ વિદ્યાર્થીઓને ઓફર થઈ ચુકી હોઈ જે-તે કોલેજોને સોંપી દેવાઈ છે.જ્યારે મેડિકલની અને ડેન્ટલની અનામત કેટેગરીની ખાલી બેઠકો ઉપરાંત મંજૂરી મેળવેલી ચુકેલી જામનગર ડેન્ટલની ફીઝીયોથેરાપીની અને નર્સિંગની નવી મંજૂરી મેળવી કોલેજોની થઈને વિવિધ બ્રાન્ચની બેઠકો માટે રીશફલીંગ પ્રક્રિયા અને આયુર્વેદની ૧૦માંથી મંજૂરીકૃત ૬ કોલેજોની ૨૧૬ બેઠકોની નવી પ્રવેશ કાર્યવાહીનો ગત ૨૭મીથી પ્રારંભ થયો હતો.જેમાં સેન્ટ્રલ બોર્ડ તેમજ ગુજરાત બોર્ડની કુલ ૯૮૪ બેઠકો પ્રથમ મેરીટ નંબરથી તમામ વિદ્યાર્થીઓને બોલાવાયા હતા અને આજે રૂબરૂ પ્રવેશ પ્રક્રિયાનો છેલ્લો દિવસ હોઈ આ બીજા તબક્કાની પ્રવેશ પ્રક્રિયાને અંતે ડેન્ટલની ૧૬૩માંથી ૧૩૧, ફિઝિયોથેરાપીની ૧૮૮, નર્સિંગની ૨૬૫માંથી ૧૫૧, ઓપ્ટોમેટ્રીની ૨૭, ઓર્થોટિક્સ ૨ અને ઓક્યુપેશનલ થેરાપીની ૫ બેઠકો સહિત હાલ ૫૦૪ બેઠકો ખાલી રહેવા પામી છે.આ ઓપનની તમામ ખાલી રહેલી બેઠકો મેરીટ પ્રમાણે તમામ વિદ્યાર્થીઓને ઓફર થઈ ચુકી હોઈ હવે આ ખાલી બેઠકો હવે જે-તે કોલેજોને સોંપી દેવાશે.મહત્વનું છે કે ડેન્ટલની ૧૩૧ ખાલી બેઠકોમાં વીસનગરની ૫૫,અમરગઢ કોલેજની ૬૫ અને દમણની ડેન્ટલ કોલેજની ૧૧ બેઠકો છે,જે કોલેજો પોતે ભરશે.જ્યારે મેડિકલની આ રીશફલીંગ પ્રક્રિયામાં ભરવાની તમામ ૪૪ બેઠકો અને હોમિયોપેથીની ૮૮ તેમજ આયુર્વેદની ૨૧૬ તમામ બેઠકો ભરાઈ ગઈ છે.જો કે હજુ પણ આયુર્વેદીકની ૩ સરકારી સહીત ૪ કોલેજોની મંજૂરી બાકી હોઈ સમિતિ દ્વારા ત્રીજા તબક્કાની પ્રવેશ કાર્યવાહી હાથ ધરાશે.

# ડિપ્લોમાની ૩૮૦૦થી વધુ બેઠકો માટે આજથી બીજુ રીશફલીંગ શરૂ

અમદાવાદ.તા.૪

ડિપ્લોમા એન્જી.માં બે રાઉન્ડને અંતે ખાલી રહેલી ૩૮૦૦થી વધુ બેઠકો માટે આવતીકાલથી ત્રીજા રાઉન્ડ માટે ચોઈસ ફીલીંગ શરૂ થશે.જેમાં અગાઉના બંને રાઉન્ડમાં પ્રવેશ લઈ ચૂકેલા અને પ્રવેશ નહીં મેળવનારા તમામ વિદ્યાર્થીઓએ રીશફલીંગમાં ભાગ લેવા માટેની કન્સેન્ટ આપીને ચોઈસ ફીલીંગ કરવાનું રહેશે.આ ચોઈસ ફીલીંગ ૧૦મી સુધી ચાલશે.ત્યારબાદ ૧૪મીએ આ બીજા રીશફલીંગનું પરિણામ જાહેર કરાશે એટલે કે ચોઈસ ફીલીંગને આધારે બેઠકોની ફાળવણી જાહેર કરાશે. અને ૧૬મી સુધી વિદ્યાર્થીઓએ રીપોર્ટિંગ કરવાનું રહેશે.મહત્વનું છે કે ડિપ્લોમા એન્જી.માં ચાલુ વર્ષે બેઠકો વધતા સમિતિ દ્વારા પ્રથમ રાઉન્ડમાં ૪૧૫૯૭ બેઠકોની ફાળવણી બાદ રીપોર્ટિંગના અભાવે ૧૦૫૦૦થી વધુ બેઠકો ખાલી પડતા બીજો રાઉન્ડ કરાયો હતો.ત્યારે આ બીજા રાઉન્ડના અંતે પણ રિપોર્ટિંગના અભાવે હાલ ૩૮૨૦ જેટલી બેઠકો ખાલી પડી છે.

## બીજી વારની કાઉન્સેલિંગ પ્રક્રિયાના અંતે પણ

# એમઈમાં ૨૦૮ અને એમ.ફાર્મમાં ૧૪૧ બેઠકો ખાલી રહેવા પામી

## જો કે મિકેનિકલની ૪૪ ખાલી બેઠકો માટે ફ્ક્ષીએ ત્રીજુ કાઉન્સેલિંગ

સંવાદદાતા દ્વારા

અમદાવાદ.તા.૪

એમ.ઈ બાદ એમ.ફાર્મમાં પણ પ્રથમ કાઉન્સેલિંગમાં બેઠકો ખાલી પડતા આજે પ્રવેશ સમિતિ દ્વારા જીટીયુ ખાતે બીજી વારનું કાઉન્સેલિંગ યોજાયું હતું.જેમાં ૨૦૨ બેઠકો માટે હાથ ધરાયેલી પ્રક્રિયાના અંતે એમ.ફાર્મની કુલ ૧૪૧ બેઠકો ખાલી રહી જવા પામી છે.મહત્વનું છે કે એમ.ફાર્મમાં મેરીટ અનુસાર તમામ વિદ્યાર્થીઓને બોલાવાઈ ચૂક્યા હોઈ હવે આ બેઠકો ખાલી જ રહેશે.

એમ.ઈ અને એમ.ફાર્મમાં ચાલુ વર્ષે બેઠકો વધતા એમ.ઈની મેનેજમેન્ટ ક્વોટાને બાદ કરતા ૧૪૯૯ બેઠકો માટે ગઈકાલે સમિતિ દ્વારા બીજુ કાઉન્સેલિંગ કરાયુ હતું.જેમાં મીકેનિકલની ૪૪ તેમજ સિવિલની ૧૦૪, કેમિકલની ૪૪,આઈસી-૮,ટેક્સટાઈલ-૮૦,અને મેટ્રલોજી બ્રાન્ચ સહીતની ૨૦૮ બેઠકો ખાલી રહી જવા પામી છે.જો કે આ ૨૦૮ બેઠકો માટે તમામ વિદ્યાર્થીઓને બોલાવાઈ ચૂક્યા હોઈ તે ખાલી જ રહેશે ,જ્યારે મીકેનિકલની ૪૪ ખાલી બેઠકો માટે ફ્ક્ષીએ ત્રીજુ કાઉન્સેલિંગ કરાશે.તો એમ.ફાર્મની સમિતિએ ભરવાની ૧૪૫૯ બેઠકો માટે ગત ૩૦મીથી૧લી સુધી પ્રથમ કાઉન્સેલિંગ યોજાય બાદ ખાલીપડેલી ૨૦૨ બેઠકો માટે સમિતિ દ્વારા આજે જીટીયુ ખાતે બીજી વારનું કાઉન્સેલિંગ યોજાયુ હતું અને આગળના મેરીટવાળા વિદ્યાર્થીઓને બોલાવાયા હતા. જો કે આ બીજી વારના કાઉન્સેલિંગ બાદ પણ એમ.ફાર્મમાં ૧૪૫૯ બેઠકો માથી ૧૩૩૮ બેઠકો ભરાતા હાલ ૧૪૧ બેઠકો ખાલી રહી જવા પામી છે અને ગેટ તેમજ નોન ગેટ સહીતના તમામ મેરીટ અનુસારના વિદ્યાર્થીઓને બોલાવાઈ ચુક્યા હોઈ હવે આ બેઠકો ખાલી જ રહેશે અને હવે કાઉન્સેલિંગ નહી કરાય

## સ્વર્ણિમ ગુજરાતના યુવાઓના જ્ઞાનની ક્ષિતિજો વધારવા

# શાળા-કોલેજોમાં ગુજરાત-કેન્દ્રીય ક્વિઝ કોમ્પીટીશન યોજાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૪

રાજ્યની સ્વર્ણિમ જયંતિ વર્ષની ઉજવણીના આયોજન અંતર્ગત વિશ્વસ્તરની ગુજરાત કેન્દ્રીય ક્વિઝ કોમ્પિટિશન સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે યોજાશે

આપણે ગુજરાતને કેટલું જાણીએ છીએ ? તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં માતૃભૂમિ ગુજરાત પ્રત્યેની નિષ્ઠા, નિસ્બત અને ગૌરવનો અનોખો માપદંડ 'ગુજરાત ક્વિઝ' દ્વારા નક્કી થશે. પ્રત્યેક માતા-પિતા શિક્ષિત સંસ્કારી અને સમૃદ્ધ સિદ્ધિઓથી ઝળહળતા ગુજરાત વિશે પોતાના સંતાન જાણકારી મેળવે અને 'ગુજરાત ક્વિઝ'માં ચેમ્પિયન બને તેવી અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે.

'ગુજરાત ક્વિઝ' સ્પર્ધાના આયોજન અંગેનો હેતુ યુવાધનને ગુજરાતના બેનમૂન અને સમૃદ્ધ વારસાનો પરિચય આપવો, ગુજરાતની ઐતિહાસિક, સાંસ્કૃતિક, સાહિત્યિક, ભૌગોલિક, ઔદ્યોગિક અને શૈક્ષણિક ઓળખ સમાન વિશેષતાઓનો સાચો ઉત્તર આપીને જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારવી, ગુજરાતના ગૌરવ સમાન વ્યક્તિ વિશેષ અને આંતરરાષ્ટ્રીય-રાષ્ટ્રીય સ્તરે જાણીતી ગુજરાતી પ્રતિભાઓની ઓળખ દ્વારા આજના યુવાધનને પ્રેરણા આપવી તથા ગુજરાતની નવી પેઢીમાં ગુજરાત પ્રત્યેની નિષ્ઠા-નિસ્બત અને ગૌરવનો પુનઃ સંચાર કરવાનો છે. ગુજરાત અને ગુજરાતીઓ માટે ગૌરવરુપ આ પ્રતિભાઓ માટે એક-એક વિશેષ અને અલાયદી વેબસાઈટ www.gujarat.quiz.inનું નિર્માણ કરવામાં આવ્યું છે.

# જામનગરમાં રૂપિયાના મામલે સગા ભત્રીજાને તળાવમાં ધક્કો મારી મોત નિપજાવતાં મોટાબાપુ

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા. ૪

જામનગરનાં લાખોટા તળાવમાંથી ચાર દિ' પૂર્વે સવારે એક કારખાનેદારના નવ વર્ષના બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે કરેલી તપાસમાં આ બાળકને તેના મોટાબાપુએ જ તળાવમાં ધક્કો મારીને ફેંકી દઈને હત્યા નિપજાવી હોવાનું બહાર આવ્યું હતું. શનિવારે સવારે પોલીસે તેઓની ધરપકડ કરી છે.

શહેરમાં ચકચાર જગાવનાર હત્યાના આ બનાવની વિગત અનુસાર ન્યુ જેલ રોડ પર પ્રેમચંદ કોલોની, શેરી નં. ૧માં રહેતા દિનેશભાઈ ચંદ્રસંગભાઈ વારાનો નવ વર્ષનો પુત્ર જીગ્નેશ ગત તા.૩૦ના રોજ રાતે તેના ઘર પાસેથી ગુમ થઈ જતા, દિનેશભાઈએ પોલીસમાં ફરિયાદ અરજી કરી હતી. ત્યારબાદ બીજા દિવસે વહેલી સવારે લાખોટા તળાવમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. પરંતુ નવ વર્ષનો બાળક તળાવમાં કુદીને આત્મહત્યા ન કરે તેવું તારણ કાઢીને પોલીસે આ મામલામાં ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમ્યાન પોલીસને ચોંકાવનારી વિગતો જાણવા મળી હતી. દિનેશભાઈને તેમના સગા મોટાભાઈ ગીરીશ સાથે આજથી ૧૫ દિવસ પહેલા રૂપિયાની લેતી દેતીના મામલે બોલાચાલી થઈ હતી. બંને ભાઈઓ સાથે ધંધો કરે છે. જે ધંધા ઉપરાંત શેર બજારમાં પણ નુકસાની જતા બીજા લોકોને રૂા.૧૨ લાખ ચુકવવાના હતા. જે રૂપિયાની ચૂકવણી દિનેશભાઈએ ધંધામાંથી કરવાનું કહેતા ગીરીશે ના પાડી હતી. પરંતુ દિનેશભાઈએ કારખાનામાંથી જ આ રૂપિયાની ચૂકવણી કરતા બન્ને ભાઈઓ વચ્ચે રૂપિયાની લેતી દેતીના મામલે મોટાપાયે રકઝક થઈ હતી. ત્યારબાદ ગીરીશે નાનાભાઈ દિનેશ સાથે બદલો લેવાનું નક્કી કર્યું હતું. જે મુજબ ત્રણ દિવસ પહેલા દિનેશભાઈના નવ વર્ષના પુત્ર જીજ્ઞેશને ગુલ્ફી ખવડાવવાના બહાને તળાવની પાળે લઈ ગયો હતો. જ્યા જીજ્ઞેશને તળાવની પાળ ઉપર બેસાડી તળાવમાં ધક્કો મારીને ઘરે પરત આવી ગયો હતો. જયારે ગીરીશ પોતાની પત્નીને જીજ્ઞેશને ફેકી દેવા અંગેની ઘટનાનું વર્ણન કરી રહ્યો હતો ત્યારે દિનેશભાઈ તમામ વાતચીત સાંભળી ગયા હતા. આથી દિનેશભાઈએ પોતાના પુત્રની હત્યા નિપજાવનાર સગાભાઈ ગીરીશ સામે સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં શુક્રવારે ફરિયાદ નોંધાવતા પોલીસે ગીરીશની ધરપકડ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આરોપી ગીરીશની પત્ની અને દિનેશભાઈની પત્ની કાકા-બાપાની બે પિતરાઈ બહેનો છે.

# સુરતમાં મેઘરાજાની આક્રમક બેટિંગથી રેલવેના ગરનાળા સહિત નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર

(સંવાદદાતા દ્વારા)

સુરત.તા.૪

મોડી રાતથી ધીમી ધારે શરુ થયેલ મેઘરાજાએ સવારે શહેરમાં આક્રમક બેટીંગ કરતા રેલ્વેના તમામ ગરનાળાઓ અને નિચાણવાળા રસ્તાઓ ઉપર વરસાદી પાણી ભરાયું હતું. જેથી વાહન વ્યવહાર અસરગ્રસ્ત થયો હતો. સવારથી બપોર સુધી ૮૨ મીમી વરસાદ વરસતા મનપા તંત્ર દોડતુ થયું છે.

આજે સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે ઝરમર ઝરમર ચાલી રહ્યો હતો. સવારે ૬ થી ૧૦ સુધી ૧૯મીમી જેટલો વરસાદ નોંધાયો હતો. સવારે ૧૦ થી ૧૨ સુધી બે કલાકમાં ૬૩મીમી જેટલો મુસળધાર વરસાદ થતા નીચાણવાળા વિસ્તારોમાં પાણીનો ભરાવો થયો હતો. ઉધના રેલ્વે સ્ટેશન પાસે આવેલ લીંબાયત અને ડીંડોલી ગરનાળુ કમેલા દરવાજા પાસે રઘુકુળ માર્કેટ નજીકનું ગરનાળુ સહરાદરવાજા લંબેહનુમાન ગરનાળામાં પાણીનો ભરાવો થતા વાહન ચાલકોની મુશ્કેલી વધી હતી. સુરત મહાનગર પાલિકાના ફલ્ડ કન્ટ્રોલ રુમ દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર આજે સવારે ૬ થી બપોરે ૧૨ કલાક સુધી શહેરમાં ઝોન પ્રમાણે સેન્ટ્રલ ઝોનમાં સૌથી વધુ ૮૨મીમી, વરાછામાં ૨૩મીમી, રાંદેરમાં ૨૭મીમી, કતારગામમાં ૩૫મીમી, ઉધનામાં ૩૧મીમી, લીંબાયતમાં ૪૦મીમી અને અઠવા ઝોનમાં ૪૨મીમી જેટલો વરસાદ નોંધાયો હતો. વરસાદના લીધે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા વાહન ચાલકોની મુશ્કેલી વધી હતી. બાર વાગ્યા બાદ મેઘરાજાનું જોર ઘટતા મનપા તંત્ર કામે લાગી ગયું છે.

## સુરત સહિત દ.ગુ.માં બારે મેઘખાંગા થયા

(સંવાદદાતા દ્વારા) સુરત.તા.૪

સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા મનમુકીને વરસી રહ્યા છે છેલ્લા ચોવીસ કલાકમાં સમગ્ર દક્ષિણ ગુજરાત પંથકમાં ઝરમર ઝરમર વરસતા વરસાદે માટીની સોડમ પ્રસરાવી દીધી છે.

સુરત ફલ્ડ કન્ટ્રોલના જણાવ્યા મુજબ આજે સવારે આઠ વાગ્યા સુધીમાં છેલ્લા ચોવીસ કલાકમાં બારડોલીમાં ૧૫મીમી, ચોર્યાસીમાં ૧૨મીમી, કામરેજમાં ૯મીમી, મહુવામાં ૧૭મીમી, ઓલપાડમાં ૪મીમી, પલસાણામાં ૧૨મીમી, સુરતમાં ૯મીમી, ઉમરપાડામાં ૧૯મીમી વરસાદ નોંધાયો હતો. તાપી ફલ્ડ કન્ટ્રોલના જણાવ્યા મુજબ વાલોડમાં ૨૧મીમી, વ્યારામાં ૧૮મીમી, સોનગઢમાં ૩૬મીમી, ઉચ્છલમાં ૧૯મીમી, નિઝરમાં ૧૩મીમી, ડાંગ જિલ્લાના ાહવામાં ૧૪મીમી,સાપુતારામાં ૬મીમી, વઘઈમાં ૧૯મીમી, વલસાડ જિલ્લાના ધરમપુરમાં ૬મીમી, કપરાડામાં ૩૪મીમી, પારડીમાં ૧૦મીમી, ઉમરગામમાં ૯મીમી, વલસાડમાં ૩મીમી વરસાદ નોંધાયો છે.નવસારી જિલ્લાના નવસારીમાં ૧૯મીમી, જલાલપોરમાં ૧૩મીમી, ગણદેવીમાં ૨૪મીમી, ચીખલીમાં ૨૩મીમી, વાંસદામાં ૫મીમી વરસાદ નોંધાયો છે.

## જોડિયાના બાદનપર પાસે ટ્રેકટર અડફેટે બાઈકચાલકનું મોત

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા. ૪

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના બાદનપર પાસે શનિવારે સવારે એક ટ્રેકટરના ચાલકે હોન્ડાને હડફેટે લેતા સર્જાયેલા અકસ્માતમાં હોન્ડા ચાલકનું ગંભીર ઈજા થવાથી મૃત્યુ નિપજ્યું હતું.

અકસ્માતના આ બનાવની વિગત અનુસાર જોડિયા તાલુકાના કુન્નડ ગામે રહેતો પરિમલ ઉર્ફે પ્રશાંત ખીમજી નંદાસણા (ઉ.વ.૨૨) પોતાના જી.જે. ૧૦. એ.એસ.૪૨૨૨ નં. ના મોટરસાયકલમાં કુન્નડ ગામે રહેતા હિતેશ નામના યુવાનને બેસાડી કુન્નડથી જોડિયા તરફ થઈ રહ્યો હતો. આ દરમ્યાન બાદનપરના પાટિયા પાસે જીટી એકસ ૭૨૯૨ નં.ના ટ્રેકટરના ચાલક પોતાનું ટ્રેકટર બેફીકરાઈથી ચલાવી હોન્ડાને હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં પરિમલને ગંભીર ઈજા થતા ઘટના સ્થળે જ તેનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે હિતેશને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ. અકસ્માત સર્જ્યા બાદ ટ્રેકટરનો ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. અકસ્માતના આ બનાવ અંગે પ્રાણજીવનભાઈ નંદાસણાએ ટ્રેકટરના ચાલક સામે જોડિયા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

### માસૂમ બાળક મોઈનને ગંભીર ઈજા

# નખત્રાણા નજીક કારચાલકે રિક્ષાને અડફેટે લેતાં ત્રણ વ્યકિતનાં કરૂણ મોત

(સંવાદદાતા દ્વારા)

ભૂજ,તા.૪

કચ્છના નખત્રાણા નજીક ગઈકાલે તા.૩/ની રાત્રીવેળા કાર અને રિક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા ત્રણના મોત થયા હતા. જેની દેવપર ગામે જાણ થતાં શોકનું મોજુ ફરીવળ્યું હતું.

મળતી માહિતી મુજબ દેવપર ગામના રિક્ષાચાલક હુસૈન ઓસમાણ લુહાર (ઉ.વ.૨૭) પોતાની રિક્ષા નં.જીજે ૧૨ એક્ષ ૭૪૬૮ લઈને રાત્રે ઘર તર. જઈ રહયો હતો ત્યારે રીક્ષામાં તેની ૩ વર્ષની પુત્રી મુસ્કાન અને પુત્ર મોઈન ઉપરાંત દેવપર ગામના ઘનશ્યામજી ચાવડા (ઉ.વ.૧૮) પણ સાથે હતા.આ રિક્ષા ધાવડા ગામ નજીક પહોંચી ત્યારે સામેથી આવતી જી.જે.૮ ૧૩૨૮ નંબરની કારે રિક્ષાને ટક્કર મારતા રિક્ષાચાલક હુસૈન ઓસમાણ લુહાર તથા તેની પુત્રી મુસ્કાન ઉપરાંત પ્રવાસી ઘનશ્યામજી ચાવડાના કરૂણ મોત થયા હતા. મૃતક હુસૈનના પુત્ર મોઈન (ઉ.વ.૬)ને પણ ગંભીર ઈજાઓ પહોંચી છે. પવિત્ર રમઝાન માસમાં કરૂણાંતીકા બનતા નખત્રાણા પંથકમાં માતમ છવાયો છે. બનાવ અંગે કાર ચાલક સામે નખત્રાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. પોલીસે બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# આણંદ જિલ્લાના પાંચ પાલિકામાં ચૂંટણીના પરિણામો જાહેર થયા

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૪

આણંદ જિલ્લાની પાંચ નગરપાલિકાઓમાં પ્રમુખ પદની બીજી ટર્મની મુદત માટેની ચૂંટણી શનિવારે યોજાઈ ગઈ હતી.

આણંદ તાલુકાનાં ઓડ નગરપાલિકામાં યોજાયેલી પ્રમુખપદની ચૂંટણીમાં ભાજપનાં ઉમેદવાર તરીકે અવંતીકાબેન ઉપેન્દ્રભાઈ પટેલ અને અપક્ષ જુથનાં જનકબેન પ્રદિપસિંહ રઉલજીએ પ્રમુખપદ માટે ઉમેદવારી નોંધાવી હતી ચૂંટણીમાં બંને ઉમેદવારોને ૯-૯ મત પડતા ટાઈ પડી હતી જેથી ચીઠ્ઠી ઉછાળવામાં આવતા જેમાં ભાજપનાં અવંતીકાબેન પટેલનું નામ ખુલતા તેઓને પ્રમુખપદે ચૂંટાયેલા જાહેર કરાયા હતાં આ ચૂંટણી બેઠકમાં કોંગ્રેસ પ્રેરિત ત્રણ અપક્ષો શંકરભાઈ બાબરભાઈ ઠાકોર, રમીલાબેન રમેશભાઈ વાઘેલા અને અંબાબેન મોહનભાઈ ઠાકોર ગેરહાજર રહયા હતા જેથી કોંગ્રેસ પ્રેરિત અપક્ષોનાં જૂથે ઓડ નગરપાલિકાની સતા ગુમાવી હતી.

જ્યારે વલ્લભ વિદ્યાનગર નગર પાલિકામાં પ્રમુખપદ માટે મંજુલાબેન મનોજભાઈ માછીનું એક માત્ર ઉમેદવારી પત્ર રજુ થતા તેઓને બિન હરીફ ચૂંટાયેલા જાહેર કરાયા હતા.

કરમસદ નગરપાલિકામાં પ્રમુખ પદનાં ઉમેદવારપદે સુરેશભાઈ બાબરભાઈ સોલંકી બીનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા હતા જ્યારે બોરિયાવી નગરપાલિકામાં પ્રમુખ પદની ચૂંટણીમાં અને સીપીનાં ઉમેદવાર મોંઘીબેન મોહનભાઈ રાઠોડનું એકમાત્ર ઉમેદવારી પત્ર રજુ થતા તેઓને બીનહરીફ વિજેતા જાહેર કરાયા હતા.

આંકલાવ નગરપાલિકામાં પ્રમુખ પદની ચૂંટણીમાં અપક્ષ જૂથનાં બીસુબેન ગની અહેમદ ભાલાવત અને ભાજપનાં સંકુતલાબેન જગદીશભાઈએ પ્રમુખપદ માટે ઉમેદવારી નોંધાવતા મતદાન કરતા અપક્ષ જૂથનાં બીસુબેનને ૧૨ અને સંકુતલાબેનને સાત મત મળતા બીસુબેન ભાલાવતને પ્રમુખ પદે ચૂંટાયેલા જાહેર કરાયા હતા આ ચૂંટણીમાં ભાજપનાં વીરલબેન પટેલ અને અપક્ષ ઈબ્રાહીમ પટેલ સહિત બે સભ્યો ગેરહાજર રહયા હતા.

## જામનગર ખાતે સ્વાઈન ફ્લૂથી સિક્કાના આધેડનું મોત

(સંવાદદાતા દ્વારા) જામનગર, તા. ૪

જામનગરમાં સ્વાઈન ફ્લૂના રોગે અજગરી ભરડો લીધો છે. જી.જી. હોસ્પિટલના સ્વાઈન ફ્લૂ વોર્ડમાં રહેલ નવ પોઝિટિવ કેસમાંથી સિક્કામાં રહેતા આધેડનું શુક્રવારે રાતે સારવાર દરમ્યાન મૃત્યુ નિપજતા સ્વાઈન ફ્લૂથી થયેલ મૃત્યુઆંક છ થયો છે.

જામનગર નજીક સિક્કામાં રહેતા અબ્બાસ આમદ શમા (ઉ.વ.૫૩) નામના આધેડને તાવ, શરદી, ઉધરસ થતા તા.૧-૯ના રોજ સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ. જ્યાં તબીબોએ તેના લોહીના નમૂના પૃથ્થકરણ માટે રાજકોટની લેબોરેટરીમાં મોકલી આપતા સ્વાઈન ફ્લૂ પોઝિટિવ હોવાનો રિપોર્ટ આવ્યો હતો. આ દરમ્યાન આજે સારવાર હેઠળ રહેલ અબ્બાસભાઈનું મૃત્યુ નિપજ્યું હતું. છેલ્લા એક મહિના દરમ્યાન સ્વાઈન ફ્લૂના આઠ દર્દીઓ અને એક શંકાસ્પદ સ્વાઈન ફ્લૂનો દર્દી સારવાર હેઠળ છે.

### સુરત આઈ.જી. એ.કે.સિંઘને રજૂઆત

# કોસંબાના દલિત કાર્યકરનું એન્કાઉન્ટર કરી નાંખવાની ધમકી

(સંવાદદાતા દ્વારા)

કોસંબા, તા. ૪

કોસંબાના સામાજિક કાર્યકર અને કોંગ્રેસ-સેવાદળના સંગઠન મંત્રીને કોસંબાના પોલીસ અધિકારીએ એન્કાઉન્ટર કરી નાંખવાની ધમકી આપી હોવાની લેખિત રજૂઆત આઈ.જી.શ્રી એ. કે. સિંઘ સમક્ષ કરી છે.

માંગરોળ તા.પં.ની સામાજિક ન્યાય સમિતિના પૂર્વ અધ્યક્ષ અને સુરત જિલ્લા કોંગ્રેસ-સેવાદળના સંગઠન મંત્રી કોસંબાના કાંતિલાલ નરોત્તમભાઈ પરમારે સુરત વિભાગના ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ શ્રી એ. કે. સિંઘને લેખિત ફરિયાદ કરી જણાવ્યું છે કે કોસંબા પંચાયતની નોટિસના અનુસંધાને ગત તા.૨૮મી ઓગસ્ટના રોજ પંચાયતની કચેરીએ ગયેલ. જયાં ફરજ પરના પટાવાળાએ બિભત્સ ગાળો ભાંડતા પોલીસને જાણ કરી હતી. જેથી પોલીસ સ્ટાફ આરોપી પટાવાળાને પોલીસ સ્ટેશને લઈ ગયા હતા. તેની પાછળ હું પણ પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. જ્યાં પોલીસ સબ-ઈન્સ્પેકટર વાઘેલાએ મારી ઉપર ઉશ્કેરાઈ જઈ એન્કાઉન્ટર કરી નાંખવાની ધમકી આપી મારૂ તથા મારી જ્ઞાતિનું અપમાન કરતાં ઉચ્ચારણો કર્યા હતા.

જ્યારે બીજા દિવસે ૭૦થી ૮૦ માણસોના ટોળાએ મારા ઘર ઉપર હુમલો કર્યો હતો. જેની પો.સ.ઈ. વાઘેલાને જાણ કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જેની યોગ્ય તપાસ કરી ન્યાય આપવા માંગણી કરવામાં આવી છે.

# કલોલ પાલિકાના ફૂડ ઈન્સપેકટર સામે કાર્યવાહી કરવા વેપારીઓની માંગ

કલોલ, તા.૪

મટનના ધંધાર્થીઓ પાસેથી રોકડ રકમની માંગણી કરી ધાક-ધમકી આપ્યા અંગે વેપારીઓ દ્વારા પાલિકાના ફૂડ ઈન્સ્પેકટર વિરૂદ્ધ રજૂઆત કરી તેની સામે કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.

કલોલ શહેરના ટાવરચોકની પાછળ કે.જી.એમ. ગર્લ્સ હાઈસ્કૂલ સામે રોશનશાહ ટ્રસ્ટની માલિકીની દુકાનો આવેલી છે. જેમાં આશરે ૧૧ જેટલા વેપારીઓ મટન મુરઘી વેચવાનો ધંધો કરે છે. જેનો પાલિકાએ પરવાનો આપેલ છે. આ વેપારીઓ સરકારના ધારાધોરણ મુજબ દુકાનો બંધ રાખી કાયદાનું પાલન કરે છે. અને કાયદેસરનો ધંધો કરી રહયા છે. વેપારીઓના જણાવ્યા મુજબ તેમની સામે પાલિકાનો ફૂડ ઈન્સ્પેકટર અવાર નવાર દુકાને આવે છે અને મફતમાં મટન તથા રોકડ રકમની માંગણી કરે છે. જયારે તેઓ આપવાની ના પાડે છે. ત્યારે તેઓને દુકાનનું લાયસન્સ રદ કરી તેને સીલ કરવાની ધમકી આપે છે. આવી રીતે અવાર-નવાર હેરાન પરેશાન કરી માનસિક ત્રાસ આપે છે. જેથી ઉકત કર્મી સામે ન્યાયિક કાર્યવાહી કરી તેને સસ્પેન્ડ કરવાની માંગ વેપારીઓએ કરી છે.

## તેજાની જેલ બદલવાની અરજીની સુનાવણી તા.૧૪મી સ્પ્ટે.પર મુલતવી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા તા.૪,

સાબરમતી જેલના જેલરો ઉપર ખોટા આક્ષેપો મૂકી જેલ બદલવા માટેની માંગણી કરતી કોર્ટમાં અરજી કરનાર શકીલ ઉર્ફે તેજા શેખની અરજીની સુનાવણી પોલીસ જાપ્તાના અભાવે આગામી તા.૧૪મી સપ્ટેમ્બર ઉપર મુલત્વી રાખવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, શહેરના યાકુતપુરાના રહેવાસી શકીલ ઉર્ફે તેજા શેખની ચાંપાનેર દરવાજા પાસેની દરગાહ સેવા સદન દ્વારા દૂર કરવા બાબતે ફાટી નીકળેલા તોફાનોનાં બનાવમાં ધરપકડ કરવામાં આવી હતી. અને તેને સાબરમતી જેલમાં મોકલી આપવામાં આવ્યો હતો.

તાજેતરમાં શકીલ ઉર્ફે તેજાએ સાબરમતી જેલના જેલરો ઉપર સોરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં તાજના સાક્ષી બનવા માંગતા ડૉ. અમીનની હત્યા કરવા સોપારી આપવાનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ મૂકયો હતો. અને હત્યા કરવાનો ઈનકાર કરતા મારમારી મારી નાંખવાની ધમકી આપ્યાનો આક્ષેપ મૂકતી અરજી વડોદરાના કોર્ટમાં કરતા ખળભળાટ મચી ગયો હતો.

જોકે, તેજાના આક્ષેપની અરજીની તપાસ કરતા તેજાએ જેલ બદલવા માટે નાટક કર્યું હોવાનો પર્દાફાશ થયો હતો. બીજીબાજુ તેજાની જેલ બદલવા માટેની અરજીની આજે અહીંની કોર્ટમાં સુનાવણી થવાની હતી. પરંતુ, પોલીસ જાપ્તાના અભાવને કારણે તેજાને કોર્ટમાં હજાર કરી ન શકાતા કોર્ટે આ અરજીની સુનાવણી આગામી તા.૧૪મી સપ્ટેમ્બરના રોજ થશે.

# કચ્છની નરા સરહદ પરથી પકડાયેલ પાકિસ્તાની પ્રૌઢનું મોત

ભૂજ,તા.૪

કચ્છની નરા સરહદ ઉપરથી ગત જૂન-૨૦૧૦માં ઘૂસણખોરી કરતા પકડાયેલ એક બહેરા-મૂંગા પાકિસ્તાની શખ્સનું ભૂજ ખાતે બીમારીવશ મોત થયું હતું. પોલીસના જણાવ્યાનુસાર અંદાજે ૪૫ વર્ષની વયનો આ પાકિસ્તાની નાગરિક બે દિવસથી બીમાર હતો. ભૂજની સરકારી હોસ્પિટલમાં તા.૩/૯/ની રાત્રે તેનું મૃત્યુ થતાં પોસ્ટમોર્ટમ વિધિ માટે તા.૪/૯ના સવારે રાજકોટ ખાતે આ મૃતદેહને લઈ જવાયો છે.

પોલીસે જણાવ્યું કે બાદમાં આ મૃતદેહને પાકિસ્તાન મોકલી આપવા કાર્યવાહી થશે.

# ભૂકંપના આંચકાએ પાટડીમાં એક મકાન ધરાશાયી કર્યું !

(સંવાદદાતા દ્વારા)

વઢવાણ, તા. ૪

રણકાંઠા વિસ્તારમાં ૪.૪ની તિવ્રતા સહિત ભૂકંપના રથી ૩ આંચકાએ ૨૦૦૧ના વિનાશક ભૂંકપની યાદ અપાવી હતી. આ ભૂકંપની પાટડીના કલાડા દરવાજા રોડ પરનું એક મકાન ધરાશાયી થયું હતું.

વહેલી સવારે ૮.૩૯ કલાકે રણકાંઠા વિસ્તારમાં ૪.૪ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો આવતા લોકો ભયથી ફફડી ઉઠ્યા હતા. હજુ લોકો કોઈ સમજે એ પહેલા સવારે ૧૦.૩૦ કલાકે વધુ એક ભૂકંપનો જોરદાર આંચકો આવ્યો હતો. આ આંચકા સમયે કલાડા દરવાજા રોડ પર આવેલ પનસરા વાસમાં રહેતા ઠાકોર ગોમતીબેન વિરજીભાઈનું મકાન ધડાકાભેર તૂટી પડતા ઘરમાં બેઠેલા સાત સભ્યોમાંથી પાંચ લોકો ઘરની બહાર નીકળવામાં સફળ થયા હતા. જ્યારે બાળકી અને ડોશીમાં ઘરમાં ફસાઈ ગયા હતા ત્યારે દેકારો સાંભળીને આજુબાજુના લોકોએ મલબા હટાવીને ઘરમાં ફસાયેલી બાળા અને વૃદ્ધાને હેમખેમ બહાર કાઢ્યા હતા.

# સુરતમાં પોલીસના સ્વાંગમાં બે ગઠિયાએ દાગીના તફડાવ્યા

(સંવાદદાતા દ્વારા) સુરત.તા.૪

રાંદેર તાડવાડી પાસે મેરુલક્ષ્મી મંદિર નજીક લક્ષ્મીદર્શન એપાર્ટમેન્ટના ગેટ પાસે બે અજાણ્યા ઈસમોએ અમો સીઆઈડી પોલીસ છીએ આગળ મહિલાને ચાકુ મારી લૂંટી લીધી છે તમે પહેરેલ દાગીના કાઢીને પાકીટમાં મુકી દો તેમ કહી વિશ્વાસમાં લઈ સોનાની ચેન અને વીટી મળી કુલ્લે રુા.૧૫ હજારની મત્તા ચોરી કરી નાસી ગયા હોવાની ફરિયાદ રાંદેર પોલીસ મથકે નોંધાવવા પામી છે.

બનાવ અંગે પ્રાપ્ત થતી માહિતી અનુસાર મેરુલક્ષ્મી મંદિર પાસે જાગૃતિ ફલેટ શિવમનગરમાં રહેતા ચીનુબેન ભોગીલાલ રાવલ ગત તા.૨૮-૮-૨૦૧૦ના રોજ રાત્રે આઠ કલાકે મેરુલક્ષ્મી મંદિરેથી દર્શન કરીને ઘેર આવતા હતા. લક્ષ્મીદર્શન એપાર્ટમેન્ટના ગેટ પાસે બે અજાણ્યા ઈસમોએ પોતે સીઆઈડી પોલીસ હોવાનો જણાવીને આગળ એક મહિલાને ચાકુ મારીને હત્યા કરવામાં આવી હોવાનું કહી ચીનુ બેનને પહેરેલ દાગીના પડીકામાં મુકવા માટે જણાવ્યું હતું. સોનાની ચેન અને અંગૂઠી પડીકામાં મુકતા હતા ત્યારે નજર ચુકવીને પોલીસના નામે ઠગાઇ અને છેતરપિંડી કરી ગયા હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઇ છે.

## સિહોરના વિવિધ વર્તમાન

સિહોરના જી.આઈ.ડી.સી. વિસ્તારમાંથી પોલીસે ગઈકાલે રેઈડ કરતા ડમરૂ ટોપધન સહિત ૧૪ જુગારી ઝડપાયા હતા. તેઓની પાસેથી રૂા.૨૮૯૦૦ રોકડા, પાંચ મોબાઈલ કિંમત આશરે ૧૦૫૦૦ મળી કુલ રૂા. ૩૯૫૦૦નો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો હતો. બનાવ અંગે વધુ તપાસ સિહોર પી.એસ.આઈ. એન.એલ. દેસાઈ ચલાવી રહ્યા છે.

**જૂની અદાવતે માર માર્યો**

નવા ગામ સિહોરના રહેવાસી ભરતભાઈ મપાભાઈને બે અજાણ્યા શખ્સોએ જૂની અદાવતે લોખંડની પાઈપ વડે માર મારતા ફરિયાદ નોંધાવા પામી છે. બનાવ અંગે વધુ તપાસ સિહોર પોલીસ ચલાવી રહી છે.

**બાઈકની ઉઠાંતરી**

રાજુભાઈ બાબુભાઈ સરવૈયા તાજેતરમાં તેઓનું બાઈક નં. જી.જે.૪ ૧ એફ-૨૬૧૨ લઈને મંદિરે દર્શન કરવા ગયા હતા ત્યારે તેઓની બાઈકની ઉઠાંતરી થવા પામી હતી. બનાવ અંગે સિહોર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરતમાં ચોરેલા ૧૨ મોબાઈલ સાથે ત્રણ સગીર યુવક ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

સુરત.તા.૪

ઉધના મેઈન રોડ બસ સ્ટેન્ડ સામે આવેલ એસએમસી શોપિંગ સેન્ટરમાં રાત્રી દરમિયાન દુકાનના શટલનું નકૂચો તોડીને ૬૦ નંગ મોબાઈલ કિંમત ૪૧ હજારની ચોરી થઈ હતી. આ બનાવમાં ઉમરા ડીસ્ટાફ દ્વારા બાતમીના આધારે ત્રણ સગીર યુવાનોની ધરપકડ કરી ચોરીના ૧૨ નંગ મોબાઈલ કબજે કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર અડાજણ પાટીયા ગોરાટ ખાતે ઝીલાની કોમ્પલેક્ષમાં રહેતા સુફીયાન ખાબીદ ગોહિલ ઉધના બસ સ્ટેન્ડ સામે એસએમસી શોપિંગ સેન્ટરમાં મોબાઈલ એક્સપ્રેસ દુકાન ધરાવે છે. ગત તા.૧૦-૮-૨૦૧૦ના રાત્રી દરમિયાન કોઈ અજાણ્યા તસ્કરોએ દુકાનના શટલના નકુચાને તોડીને અંદર પ્રવેશી જુદા જુદી કંપનીના ૬૦ નંગ મોબાઈલ કિંમત રુા.૪૧ હજારની ચોરી કરી નાસી ગયા હતા. આ બનાવ અંગે ઉધના પોલીસ મથકે ફરિયાદ કરી હતી.પોલીસે બાતમીના આધારે આ ચોરીમાં સંડોવાયેલા ત્રણ સગીર યુવાનોની ધરપકડ કરી છે. ઉમેશ અશોક સીરસાઠ (ઉ.વ.૧૭) રહે.મોરારજી વસાહત ઉધના રોડ નં.૯, નિલેશ દિનેશ પટેલ (ઉ.વ.૧૭) મોરારજી વસાહત આશિષ ભોલેનાથ તિવારી (ઉ.વ.૧૫), રહે.મોરારજી વસાહતની ધરપકડ કરીને ત્રણે આરોપીઓ પાસેથી ચોરીના ૧૨ મોબાઈલ કબજે કરવામાં આવ્યા છે. ત્રણે બાળ આરોપીઓની ઉધના પીએસઆઈ તડવી વધુ તપાસ કરી રહ્યા છે.

## ઝાલાવાડ પર મેઘાની મહેર જારી

સુરેન્દ્રનગર,તા.૪

સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૪ સપ્ટેમ્બર-૨૦૧૦ને શનિવારના રોજ સવારે ૭-૦૦ કલાકે પૂરા થતાં ૨૪ કલાક દરમિયાન સૌથી વધુ વરસાદ લીંબડીમાં ૨૯ મી.મી.અને સૌથી ઓછો વરસાદ લખતરમાં ૧ મી.મી. જેટલો નોંધાયો છે. આ સિવાય ચુડામાં ૧૨ મી.મી. ચોટીલામાં ૧૦ મી.મી.,ધ્રાંગધ્રામાં ૫ મી.મી. અને હળવદમાં ૩ મી.મી. જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે.

આ સિવાય જિલ્લાના અન્ય તાલુકાઓમાં વરસાદે વિરામ પાળ્યાના અહેવાલ જિલ્લા પૂર નિયંત્રણ કક્ષ તરફથી મળેલ છે.